ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૧ ટકા ● સાંજે ૭૩ ટકા

ગાંધીનગર તાપમાન

# રોશની વગરના બસ સ્ટેન્ડોના કારણે રાત્રે પાટનગરની સુંદરતા ફિક્કી ફસ્સ...!!

## બસ સ્ટેન્ડો નવા તો બનાવાયા પરંતુ નથી તેમાં લાઈટની સગવડ કે નથી સમય સારણી સહિતની કોઈ સુવિધા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર આગામી તા.૨જી ઓગષ્ટે તેની ૫૪મી



વર્ષગાંઠ ઉજવવા જઈ રહ્યું છે. દેશના હરિયાળા અને સુંદર શહેરોમાં ગાંધીનગરનો સમાવેશ થાય છે પરંતુ આ શહેરનું સૌંદર્ય દિવસે જેટલું ખીલે છે તેટલું રાત્રે ખીલતું જણાતું નથી. તેનું કારણ શહેરના માર્ગો પર અન્ય શહેરો જેવી રોશની નથી ઝગમગતા વાણિજ્યિક સંકુલોનો અભાવ છે એટલું જ નહીં પરંતુ શહેરના તમામ બસ સ્ટેન્ડો પણ સાવ ફીક્કા ફસ્સ ભાસી રહ્યા છે. તમામ બસ સ્ટેન્ડો તાજેતરમાં જ નવા બનાવાયા છે છતાં રાત્રિના સમયે રોશનીના ઝગમગા વગર તદ્દન અનાકર્ષક લાગે છે.

શહેરના માર્ગો પરના શહેરી બસ સેવાના બસ સ્ટેન્ડ તાજેતરમાં જ નવા બનાવાયા છે. જો કે આ નવીનીકરણમાં માત્ર તેનું સ્ટ્રકટર જ નવું બનાવાયું છે જયારે બાકીની સુવિધાઓ જેવી કે લાઈટ, રાત્રે વાંચી શકાય તેવી સમય સારિણી કે અન્ય કોઈ સુવિધા ના હોવાથી રાત્રિના સમયે તદ્દન બિનઉપયોગી બની જાય છે વળી આ બસ સ્ટેન્ડ પર લાઈટીંગ વાળા બોર્ડ પણ ના હોવાથી કેટલેક સ્થળે તો વનરાજીના કારણે બસ સ્ટેન્ડ કયાં છે તે શોધે મળતું નથી.

પાટનગરના રસ્તા, સર્કલો વગેરે સુંદર બનાવાયા છે અને દરેક વાઈબ્રન્ટ સમિટ વખતે શહેરના બ્યુટિફિકેશન પાછળ તોતિંગ ખર્ચ કરાય છે. આમ છતાં ગાંધીનગર રાત્રિના સમયે અન્ય શહેરો જેટલું આકર્ષક જણાતું નથી. હાલમાં નવીનીકરણ પામેલ વિધાનસભા સંકુલને રોશનીથી શણગારવામાં આવ્યું છે તે સહિત સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારને બાદ કરતાં શહેરના બાકીના ભાગો રાત્રિના સમયે ફિક્કાં ફસ્સ ભાસે છે. વળી, શહેરમાં અન્ય શહેરોની જેમ જાહેરાતોના લાઈટીંગવાળા



સાઈન બોર્ડસ સાથેના કોમર્શિયલ સંકુલો પણ તમામ સ્થળે નથી. આ સંજોગોમાં જો શહેરના તમામ બસ સ્ટેન્ડને લાઈટીંગથી સજાવવામાં આવે તો શહેરની રાત્રિના સમયે પણ સુંદરતા વધી શકે અને રાત્રિના મુસાફર માટે પણ ઉપયોગી નિવડે. બસ સ્ટેન્ડમાં જરૂરીલાઈટની વ્યવસ્થા સાથે બસ સ્ટેન્ડ પર જાહેરાતના સાઈન બોર્ડ મુકી તંત્ર આવક પણ ઉભી કરી શકે જેથી બસ સ્ટેન્ડનો નિભાવ ખર્ચ તેમાંથી નીકળી શકે અને અન્ય શહેરોની જેમ પાટનગર પણ રાત્રિના સમયે જે ભેંકાર ભાસે છે તેમાંથી મુકિત મેળવે.

### કોમર્શિયલ ધોરણે લાઈટીંગવાળી જાહેરાતથી આવક ઉભી કરી શકાય

શહેરના નવા બનાવાયેલા બસ સ્ટેન્ડસના ઉપરના ભાગે લાઈટીંગવાળા નિઓન સાઈનબોર્ડસ મુકી તેને કોમર્શિયલ ધોરણે જાહેરાત માટે ફાળવવામાં આવે તો નવી આવક ઉભી થાય તેમ છે. આ સાથે લાઈટીંગના કારણે રાત્રે ભેંકાર ભાસતા બસ સ્ટેન્ડસ આકર્ષક પણ બનશે અને ઉપયોગી પણ બનશે સાથે સાથે શહેરની સુંદરતા પણ વધારશે.

# ન્યુ ગાંધીનગરમાં તસ્કર ટોળકી પુનઃ સક્રિય

## કુડાસણના શ્રીજી આઈકોન ફલેટના સીસીટીવી કેમેરામાં તસ્કર ટોળકીના છ સભ્યો કેદ થયા : ઘરફોડ ચોરીનો પ્રયાસ

ગાંધીનગર, તા.૩૧

છેલ્લા એકાદ અઠવાડિયાથી ગાંધીનગર શહેર તથા ન્યુ ગાંધીનગરમાં માંડ નિષ્ક્રિય થયેલા તસ્કરો હવે પુનઃ ન્યુ ગાંધીનગર તરફ વળ્યા છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે કાનમ રેસીડેન્સી નજીક આવેલા શ્રીજી આઈકોન ફ્લેટ માં બે દિવસ અગાઉ પરોઢિયે તસ્કર ટોળકી ત્રાટકી હતી. તસ્કર ટોળકીના છ સભ્યો ફ્લેટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. જોકે આ ટોળકીએ જ્યાં મકાનનુ તાળું તોડીને તસ્કરીનો પ્રયાસ કર્યો ત્યાંથી કાંઈ હાથ લાગ્યું ન હોવાથી ફરિયાદ નોંધાઈ ન હોવાનું પોલીસનું કહેવું છે. બીજી તરફ ફ્લેટના સીસીટીવી કેમેરામાં કેદ થયેલા આ તસ્કર ટોળકીના ફુટેજ મેળવી ને તેમના સુધી પહોંચવા કવાયત શરૂ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ બે દિવસ અગાઉ ૨૯ જુલાઈના પરોઢિયે ચારેક વાગ્યાના અરસામાં તસ્કર ટોળકી ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આવેલા કુડાસણના શ્રીજી આઈકોન ફ્લેટમાં ઘૂસ્યા હતા. ફ્લેટના સંકુલમાં ઘૂસેલા તસ્કરો ફ્લેટના બેઝમેન્ટમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. એક પછી એક છ તસ્કરો બિલ્લી પગે ફ્લેટમાં ઘૂસ્યા હોવાનું સીસીટીવી ફૂટેજમાં જોવા મળી રહ્યું છે. આ ટોળકીએ એકાદ મકાનના તાળા પણ તોડ્યા હતા પરંતુ કોઈ મોટી માલ મત્તા ચોરાઈ ન હોવાથી રહીશોએ ફરિયાદ કરવાનું ટાળ્યું હોવાનું ઈન્ફોસિટી પોલીસનું કહેવું છે. સોસાયટીના રહીશોએ ફ્લેટના સીસીટીવી કેમેરામાં કેદ થયેલા તસ્કરોના ફૂટેજ કાઢીને પોલીસને સુપ્રત કર્યા છે. પોલીસે ફૂટેજના આધારે આ તસ્કર ગેંગ કેવી રીતે સોસાયટી તરફ આવી હતી અને તેઓ કોઈ વાહન લઈને આવ્યા હતા કે કેમ તે સહિતની તપાસ માટે અન્ય સોસાયટીઓના ફુટેજ પણ મેળવવા તજવીજ શરૂ કરી છે.

# એનસીસી કેડેટ્સ ઉમેદવારોની પોતાના પ્રશ્નોની મુખ્યમંત્રી સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ સવારના સમયે રાજયભરમાં હજ્જારો એનસીસી કેડેટ્સ ઉમેદવારો ઉમટી પડ્યા હતા. ગુજરાત સરકારી વર્ગ-૧ થી ૩ ની તમામ ભરતીમાં ૫ ગુણનો લાભ આપવા માટે રાજયના મુખ્યમંત્રીને લેખિત આવેદન પત્ર આપી રજુઆત કરી છે.

એનસીસી કેડેટ્સ પુર, હોનારત, યુધ્ધ જેવી પરિસ્થિતઓમાં લશ્કરી દળો સાથે ખડે પગે ઉભા રહી દેશની સેવા કરે છે. તેવા એનસીસી કેડેટ્સ સરકારી ભરતીઓમાં



અન્યાય થઈ રહ્યો છે. રક્ષા શકિત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ૧૫ ગુણનો લાભ, રમત-ગમતના વિદ્યાર્થીઓને ૫ ટકા ગુણનો લાભ તો એનસીસી કેડેટ્સને કેમ અન્યાય થઈ રહ્યો છે. ગત્ વર્ષ ૨૦૧૭માં ગુજરાતના શિક્ષણમંત્રી એ એનસીસી કેડેટ્સને ૫ ટકા ગણનો લાભ આપવાની જાહેરાત કરી હતી. પરંતુ હજુ સુધી તેનો અમલવારી થઈ નથી. તો હવે ગુજરાત સરકારની વર્ગ-૧ થી ૩ ની તમામ સરકારી ભરતીઓમાં ૫ ટકા ગુણનો લાભ મળે તેવી માંગ એનસીસી કેડેટ્સ કરી રહ્યા છે. ત્યારે રાજયના મુખ્યમંત્રીને લેખિત આવેદન પત્ર પાઠવી આ પ્રશ્ન અંગે યોગ્ય કરવા રજુઆત કરી છે.

# પાર્કિંગના મામલે એસ.જી. હાઈવે પરની ૨૭ હોટલ-ઢાબાના સંચાલકોને નોટિસ

## પાર્કિંગની વ્યવસ્થા નહિ કરાય તો કડક કાર્યવાહી હાથ ધરાશે : ગ્રાહકોના વાહનો વ્યવસ્થિત પાર્કિંગ કરાવવા પણ કડક સૂચના અપાઈ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત હાઈકોર્ટની ટકોર બાદ અમદાવાદ કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ પાર્કિંગ અને ટ્રાફિકની બાબતને લઈને દોડતી થઈ ગઈ છે ત્યારે ગાંધીનગરમાં પણ આ રેલો આવે તે પહેલાં પોલીસ એક્ટીવ થઈ ગઈ છે. જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી ટ્રાફિક પોલીસે ગઈકાલે એસજી હાઈવે ઉપર આવેલી હોટલો, ઢાબા અને ગેરેજ પર ચેકિંગ કર્યા હતા અને જ્યાં ટ્રાફિકને અડચણરૂપ થાય છે તથા પાર્કિંગની કોઈ વ્યવસ્થા જ નથી તેવા હોટલો-ઢાબાનાં સંચાલકો પર લાલ આંખ કરી છે. એસજી હાઈવે પરના વૈષ્ણોદેવી સર્કલ સુધીના હોટલ-ઢાબા સહિતના ૧૭ એકમોનાં સંચાલકોને ટ્રાફિક પોલીસે લેખિત નોટીસ ફટકારી વ્યવસ્થિત પાર્કિંગ કરાવવા કડક સૂચના આપી દીધી છે.

એસજી હાઈવે પરના સરગાસણ ચોકડી થી વૈષ્ણોદેવી સર્કલ રોડ પર હાઈવે સાઈડની હોટલો અને ઢાબાઓ ખૂબ જ છે. આ સ્થળોએ આવતા ગ્રાહકો દ્વારા કરવામાં આવતા પાર્કિંગ આડેધડ કરવામાં આવતા હોવાથી હાઈવે ઉપર પીક અવર્સ દરમિયાન ભયંકર ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તો બીજી તરફ ઘણા હોટલ અને ધાબા ઉપર તો પાર્કિંગ વ્યવસ્થા પણ ન હોવાનુ ધ્યાને આવ્યું છે. જેને પગલે હાઈવે પર ટ્રાફિકની સમસ્યા હેડએક બની ગઈ છે. ગાંધીનગર એસપી મયુર ચાવડાની સૂચના ગાંધીનગર ટ્રાફિક શાખાના પીઆઈ બી.જે.વ્યાસ તથા તેમની ટીમે





ગઈકાલે આ હાઈવે પરની હોટલ-ઢાબાઓ અને ગેરેજ ઉપર સર્વે કરાવ્યો હતો કે ક્યાં ક્યાં પાર્કિંગની સમસ્યાને પગલે ટ્રાફિકની સ્થિતિ ડામાડોળ થઈ રહી છે. કેટલીક હોટલ અને ઢાબા ઉપર પાર્કિંગની વ્યવસ્થા જ ન હોવાનુ ધ્યાને આવ્યું છે તો કેટલાક સંચાલકો દ્વારા ગ્રાહકોના વાહન પાર્કિંગ પર ધ્યાન ન અપાતું હોવાથી રોડ પાસે ગ્રાહકોના આડેધડ પાર્કિંગ થતા હોય છે જેને પગલે આ સમસ્યા પેચીદી બનતી જતી હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આ બાબતને ગંભીરતાથી લઈને ટ્રાફિક પીઆઈ દ્વારા હોટલ અને ઢાબા તથા ગેરેજ ધારક ૧૭ સંચાલકોને લેખિત નોટીસ ફટકારવામાં આવી છે અને નોટિસ પાઠવ્યાનાં જ દિવસથી નોટિસના અમલીકરણ કરાવવા સુચના આપવામાં આવી છે. તાત્કાલિક અસરથી જે હોટલમાં પાર્કિંગ વ્યવસ્થા નથી ત્યાં પાર્કિંગની જગ્યા તૈયાર કરાવવા અને જ્યાં પાર્કિંગ વ્યવસ્થા છે પરંતુ આડેધડ પાર્કિંગ થતું હોવા છતાં તે બાબતે કોઈ ધ્યાન નથી અપાતું તે કિસ્સામાં તાત્કાલિક અસરથી કોઈ ગાર્ડ મૂકી ગ્રાહકોને વ્યવસ્થિત પાર્કિંગ કરાવવાની વ્યવસ્થા કરવા કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે અન્યથા સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની પણ પોલીસે ચીમકી આપી દીધી છે.

# લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્તાકથન સ્પર્ધાનું આયોજન



ગાંધીનગર, તા.૩૧

લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં આજરોજ વાર્તાકથન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના કુલ ૬૪ વિદ્યાર્થીઓએ બોધસભર ટૂંકી વાર્તા રજૂ કરી હતી. બાળકોનો વકતૃત્વકળાનો વિકાસ થાય અને સ્ટેજફિયર દૂર થાય તે શુભ આશયથી શાળા-પરિવાર દ્વારા વાર્તાકથનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

# અક્ષરધામના પાર્કિંગ નજીક ઝાડીઓમાં બોરીજના પરિણીત યુવાનનો આપઘાત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતા ૪૦ વર્ષીય પરિણીત યુવાને આજે પરોઢિયે અક્ષરધામના પાર્કિંગ નજીક આવેલી ઝાડીઓમાં જઈ એક ઝાડની ડાળીએ દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. વહેલી સવારે આ ઘટના અંગે રાહદારી મારફતે પોલીસને જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને યુવાનનો મૃતદેહ ઉતારી પોસ્ટમોર્ટમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

બોરીજ ગામમાં જૈન દેરાસર પાસે આવેલી રતન ટેકરી વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય પરિણીત યુવાન રમેશભાઈ મંગાળાજી મીણા કલર કામની છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને કોઈ સંતાન ન હતું. ઘણા સમયથી તેઓ આર્થિક ભીંસ પણ અનુભવી રહ્યા હતા. આજે વહેલી પરોઢિયે અક્ષરધામ સામે આવેલા પાર્કિંગ પાછળ સ્થિત ઝાડીઓમાં જઈ તેણે કોઈ અગમ્ય કારણોસર ઝાડના ડાળી ઉપર દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. વહેલી સવારે ત્યાંથી પસાર થઈ રહેલા એક રાહદારીનું ધ્યાન ઝાડીઓમાં એક ઝાડ પર લટકતા મૃતદેહ પર પડતા તેણે આ ઘટના અંગે સેકટર-૨૧ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. પી.એસ.આઈ વી.જે ખરચરીયા તેમની ટીમ સાથે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ ઝાડ પરથી ઉતારી તપાસ કરતા બોરીજ ગામના રમેશભાઈ મીણાનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. મૃતકના પરિવારજનોને બોલાવીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પોલીસે આપઘાતનુ કારણ બહાર લેવા તજવીજ શરૂ કરી છે. મૃતકના પરિવારજનોને પ્રાથમિક નિવેદનો પર અનુમાન લગાવતા આર્થિક સંકડામણથી કંટાળીને આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

# 'પ્રકૃતિ બચાવો-પ્લાસ્ટિક ભગાવો'ના સંદેશ સાથે દિનેશભાઈ વ્યાસ દ્વારા ૧૦ હજાર નોન વુવન બેગનું વિતરણ






ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં વિધાનસભા ખાતે લગભગ તમામ અધ્યક્ષોનો અંગત સચિવ તરીકેની સેવાઓ પુરી પાડયા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ તમામ સમાજની સેવા થઈ શકે તેવા હેતુથી અનેકવિધ સેવા પ્રકલ્પોને સાકાર કરનાર માણસાના ગૌરવસમા દિનેશભાઈ વ્યાસનો આજે જન્મદિવસ હતો. આ પ્રસંગે તેમણે ૧૦ હજાર જેટલી નોન વુવન બેગનું વિતરણ કરી પ્લાસ્ટિક વિરોધી ઝુંબેશને બળ આપવા સાથે પર્યાવરણની જાળવણીનો સંદેશ પાઠવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માણસા શહેરના અગ્રણી અને 'આનંદીમાના વડલા' થકી સેવાકીય પ્રકલ્પોને પોતાની આગવી સુઝબુઝથી સાકાર કરનાર દિનેશભાઈ વ્યાસે તેમના જન્મદિવસનો માત્ર પરિવારનો નહી પરંતુ તમામ સમાજનો ઉત્સવ બનાવી અનોખી ઉજવણી કરી હતી. સતત જનસેવામાં ભાગીદાર બનતા અને કોઈ પણ વ્યકિતને મદદરૂપ થવા હંમેશા તત્પર રહેતા દિનેશભાઈ વ્યાસે ગુજરાત રાજયના ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, માણસા નગરપાલિકા, એમ.જી. ચૌધરી વિદ્યા સંકુલ, મા આનંદીમાનો વડલો સહિત રૂદ્રા ટીએમટી સળિયા ભાવનગરના સહયોગથી ૧૦ હજાર જેટલી નોન વુવન બેગનું વિતરણ કરી 'પ્રકૃતિ બચાવો-પ્લાસ્ટિક ભગાવો'ના સુત્રને સાર્થક કરવા પ્રસંશનીય પ્રયાસ કર્યો હતો.

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામીનારાયણ મંદિર ખાતે પાકશાળા ઉપકરણના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે ખારેકના કલાત્મક હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન યોજાશે.

### શહેરમાં વિના મુલ્યે બહેરાશ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

શ્રી હરિનસિંહ કૃપા ચેરીટેબલ એન્ડ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર શહેરમાં પ્રથમવાર ફ્રી બહેરાશ નિદાન કેમ્પ તા. ૫ ઓગસ્ટને રવિવારના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૬ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. જયારે સરકારી કર્મચારી રિટાયર્ડ કર્મચારીને સરકાર તરફથી મળતા લાભની જાણકારીઓ આપવામાં આવશે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે કૃષિ અને પંચાયત રાજયમંત્રી ભારત સરકારના પુરૂષોતમભાઈ રૂપાલા તેમજ અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા, ચાંમુડા નંદન ઈન્ચાર્જ કે.ટી.વાઘેલા, શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, ચેરમેન સ્ટે.કમિટી મનુભાઈ પટેલ, આરોગ્ય વિભાગના નિયામક ડો.શૈલેષભાઈ સુતરીયા, અમદાવાદના કાર્યકર્તા સત્યમભાઈ પટેલ, લોક ફરિયાદ ના તંત્રી પુરૂષોતમગીરી કે. ગોસ્વામી, અને પાલડીના કાર્યકર રજનીભાઈ સોલંકી હાજર રહેશે. આ બહેરાશના નિદાન કેમ્પનો લાભ લેવા પ્રમુખ હિમાંશુ દેસાઈએ અનુરોધ કર્યો છે.

### એસ.જી.એસ.વી. અંગ્રેજી માધ્યમ શાળાના વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૩૧

એસ.જી. એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સેકટર - ૬ અને પેથાપુરમાં આવેલ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. ધોરણ-૨ ના એ.બી.સી.ડી.ઈ ના ૩૬૦ અને એસ.વી. OAK વર્ગના ૫૫ બાળકોએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી ત્યાં વડીલો સાથે વાર્તાલાપ આદર્યો હતો તેમજ ભજન રજૂ કર્યા હતા. આ બાળકોની સાથે શાળાના શિક્ષકો હાજર હતા.

### બલરામ મંદિર સે-૧૨ ખાતે નિઃશુલ્ક નિયમિત યોગ કલાસ

ગાંધીનગર, તા.૩૧

પતંજલિ યોગ સમિતિ અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા બલરામ મંદિર પરિસર, ઉમિયામાતા મંદિર સામે, સે-૧૨ ગાંધીનગર ખાતે તા. ૧ ઓગષ્ટ ૨૦૧૮થી રોજ સવારે ૫.૧૫ થી ૭.૦૦ કલાક દરમિયાન નિઃશુલ્ક નિયમિત યોગ કલાસનું આયોજન કરવામાં આવ્યું છે. રજિસ્ટ્રેશન માટે મો. ૯૯૨૪૧૪૪૭૪૭ અને ૯૮૨૪૬ ૪૪૩૧૪ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા મોટાપા, ડાયાબિટિશ, કમરદર્દ, થાઈરોઈડ જેવા રોગોનો કાયમી ઉપચાર યોગ, આયુર્વેદ, એકયુપ્રેશર અને નેચરોપેથીનું નિઃશુલ્ક પ્રશિક્ષણ આપવામાં આવશે.

### ચિરવિદાય

● સ્વ. પ્રજાપતિ લીલાબેન અંબાલાલ, ઉ.વ. ૭૮